



Our constant prayer is to understand the Divine's will and to live accordingly. With my blessings

- The Mother

આપણી સતત પ્રાર્થના છે પ્રભુના સંકલ્પને સમજવાની અને એ પ્રમાણે જીવવાની. - મારા આશીર્વાદ સાથે

- શ્રી માતાજી

**Mantras of the Mother: 28.10.1954**

~ ** ~

**But it is difficult to know the divine Will, isn't it?**

... ... There are four conditions

**The first** essential condition: an absolute sincerity.
**Second:** To overcome desires and preferences.
**Third:** To silence the mind and listen.
**Fourth:** To obey immediately when you receive the order.

- The Mother

**પણ પ્રભુનો સંકલ્પ શો છે એ જાણવું અઘરું છે, નહિ ?**

.... ... પ્રભુનો સંકલ્પ જાણવા માટે ચાર શરતો છે :

**પહેલી** આવશ્યક શરત : એક સંપૂર્ણ સચ્ચાઈ.
**બીજી**: અપેક્ષાઓ અને પસંદગીઓ ઉપર પ્રભુત્વ.
**ત્રીજી**: મન શાંત કરીને સાંભળવું.
**ચોથી**: તમને આદેશ મળે કે તરત એનો અમલ કરવો.

- શ્રી માતાજી

CWM - Vol 4/p.208

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨.✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **September 2017**

# Prosperity

**2017**
SEPTEMBER
૧ સપ્ટેમ્બર, ૨૦૧૭

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

## God's Plan - God's Will
## પ્રભુની યોજના - પ્રભુનો સંકલ્પ

**Should I,** playing the role of a servant, an instrument, turn to Thee, O Lord, and address a hymn of adoration to Thee? Should I, identifying myself with Thee in the eternal Reality and infinite Bliss, speak to men of the peace and joy they do not know? ... The two attitudes are simultaneous, the two consciousnesses parallel, and in this close and indissoluble union lies Plenitude.


The heavens are definitively conquered, and nothing and nobody could have the power of wresting them from me. But the conquest of the earth is still to be made; it is being carried on in the very heart of the turmoil; and even when achieved, it will still be only a relative one; the victories in this world are but stages leading progressively to still more glorious victories; and what Thy Will makes my mind conceive of as the goal to be attained, the conquest to be realised, is only one element of Thy eternal plan; but in perfect union I am this plan and this Will, and I taste the supreme bliss of the infinite, even while playing ardently, with precision and energy, in the world of division, the special part Thou hast entrusted to me.

from: Prayers & Meditations 31 July 1915 – The Mother

**પ્રભુ, તારા સેવક** તરીકેનો, કરણ તરીકેનો ભાગ ભજવતી વેળાએ પણ તારા તરફ મુખ કરી તારું એકાદ સ્તવન કરી લેવાની રજા મને મળે ખરી? તારા શાશ્વત સત્ય તત્ત્વમાં, તારા પરમ આંનદમાં હું તારી સાથે તદ્રુપ બનીને મનુષ્યો આગળ, તેમને તદ્દન અજાણ એવી તારી આ શાંતિ અને આનંદની વાત કરી શકું ખરી ? ... આ બંને વૃત્તિઓ મારામાં એકી સાથે પ્રગટે છે, આ બંને ચેતનાઓ સમાંતરે વહ્યા કરે છે. આવા ગાઢ અને અભેદ્ય મિલનમાં જ તારી પરમ સમૃદ્ધિનો નિવાસ છે.

સ્વર્ગનો વિજય તો હવે નિ:શંક સિદ્ધ થઈ ચૂકયો છે. મારો એ વિજય હવે કશું જ અથવા કોઈ છીનવી શકે તેમ નથી. પરંતુ પૃથ્વીનો વિજય હજી બાકી છે. એ વિજય માટેનો સંગ્રામ પૃથ્વીના ઘોર જીવનપ્રવાહની ભીતર ચાલી રહ્યો છે. વળી, એ વિજય સિદ્ધ થશે ત્યારે પણ સાપેક્ષ કોટિનો જ હશે. જગતમાં મળતો પ્રત્યેક વિજય એથીયે વધુ મહાન વિજયની પૂર્વભૂમિકા જેવો જ હોય છે. તારો સંકલ્પ મારા સમક્ષ જે સાધ્ય, જે લક્ષ્ય સાકાર કરે છે તેની પ્રાપ્તિ, તેનો વિજય તારી વિશ્વયોજનામાં તો એકાદ નાનકડી સાદીસીધી વસ્તુ જેવો જ હોય છે. પરંતુ તારી સાથે હું પૂર્ણ અદ્વૈતમાં હોઉં છું ત્યારે તો હું પોતે જ આ વિશ્વયોજનારૂપ અને આ સંકલ્પ બની રહું છું. અને આ ભેદની સૃષ્ટિમાં તેં મને ભજવવા સોંપેલો ખાસ ભાગ હું ખંતથી, ચોકસાઈથી અને પૂર વેગથી ભજવતી હોઉં છું ત્યારે પણ તારી નિ:સીમતાનો પરમ આનંદ તો મારા અનુભવમાં ચાલુ જ રહે છે.

પ્રાર્થનાઓ અને ધ્યાન: ૩૧ જુલાઈ ૧૯૧૫ માંથી - શ્રી માતાજી





The immutable Beatitude of the Divine is translated in the consciousness by an impelling force of progress of an incomparable intensity.

With my blessings
- The Mother

પ્રભુની સુસ્થિર મુદા, ચેતનામાં એક અદ્વિતીય, ઉત્કટ, પ્રગતિ ઇચ્છતી ધગશ રૂપે વ્યક્ત થાય છે.

- મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી





This force is transformed in the most external being into a calm and assured will which no obstacle can overthrow.

With my blessings
- The Mother

આ બળ સૌથી બાહ્ય સ્વરૂપમાં એક શાંત અને વિશ્વાસસભર ઇચ્છા તરીકે રૂપાંતરિત થાય છે જેને કોઈ પણ વિઘ્ન ઉથલાવી શકતું નથી.

- મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી







At each moment may our attitude be such that the Divine's Will determines our choice, so that the Divine may give the direction to all our life.

With my blessings
- The Mother

હરેક ક્ષણે આપણું વલણ એવું બની રહો કે આપણી પસંદગી પ્રભુની ઇચ્છાથી નિર્ણિત હોય, જેથી પ્રભુ આપણા સમગ્ર જીવનની દિશા આપતા રહે.

- મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી




The Divine's Will is that the mind should know and He says "Awake and be conscious of the Truth."

With my blessings
- The Mother

પ્રભુની ઇચ્છા એ છે કે મનુષ્યની બુદ્ધિએ જાણવું જોઈએ અને તેઓ કહે છે, "જાગૃત થા અને સત્ય વિષે સભાન બન."

- મારા આશીર્વાદ સાથે
- શ્રી માતાજી